## જળ થી જીવન - ખનિજ વિકાસની ઓથે સહયોગી વિકાસનો નવો પરિમાણ

સદીઓથી જળ એ માનવ વિકાસનું અભિન્ન અંગ રહેલ છે. એમાં ય કચ્છ જેવા જળ વિહિન વિસ્તારોમાં માનવ જીવનનો અધાર રહેલ છે. છેલ્લા ચાર દાયકાથી કચ્છ જિલ્લાના ખનિજ સ્ત્રોતો ના વિકાસમાં કાર્યરત જીએમડીસી એ તેના ખાણ વિસ્તારની આસપાસ ના અલ્પવિકસિત ગ્રામ્ય વિસ્તારોમાં માનવ જીવનના આ જ આધાર સ્તંભ નો વિકાસ કરવાનું બીડું ઝડપ્યું છે. પાનન્ધ્રો લિગ્નાઇટ ખાણની નજીક આવેલા ખાણોટ ગામે તાજેતરમાં જળ સંગ્રહ નો પ્રયાસ કરેલ છે. જેના ફળ સ્વરૂપે ગામ લાકોને પીવાના પાણીની જરૂરીયાત પૂરી પાડી શકાઇ છે. આ પ્રયાસ થકી ૩૫૦ જેટલા લોકો તેમજ ૧૮૦૦ જેટલા પશુધન ની પાણીની જરૂરીયાત સંતોષાઇ છે. ગામના સરપંચ ના મતે તો આ જળ તેમના માટે અમૃતની ગરજ સારી રહયું છે. જળ સંચય તેમજ સંગ્રહના આ પ્રયત્નથી ૪.૧૦ મીલીયન કયુ. ફૂટનો સંગ્રહ થઇ શકયો છે. આ પ્રયાસની જીવંત ઝલક આ તસ્વીરમાં જોઇ શકાય છે.

